એક ખરાબ કામમાં સફળ થવું એનાં કરતાં એક સારા કામનાં પ્રયત્નમાં નિષ્ફળતા સારી
- ઓશો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૩ | ૧૨ જુલાઇ ૨૦૧૨, ગુરૂવાર, અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# સે. ૧૪ની ઝૂંપડપટ્ટીમાં ઝાડા-ઉલ્ટીના કેસો

## નવા સેક્ટરોમાં સુપર ક્લોરીનેશન સાથે પાણી પૂરવઠો પૂરો પાડવા પાટનગર યોજનાને જણાવતું આરોગ્ય તંત્ર : નવા સેક્ટરોમાં ઊભી થઈ રહેલી સ્થિતિ સામે મનપાનું ભેદી મૌન : લોકોમાં ભભૂકી રહેલો રોષ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના વધુ એક શ્રમિક વિસ્તાર સે. ૧૪ની ઝૂંપડપટ્ટીમાં આજે ઝાડા ઉલ્ટીના છ કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે અને નવા સેક્ટરોમાં તાત્કાલીક પાણીના નમુના મેળવી તેની ચકાસણી કરાવવા માટે પાટનગર યોજના તંત્રને કડક તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૪ની ઝુંપડપટ્ટી વિસ્તારમાં પણ પ્રદૂષિત પેયજળને કારણે જ ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયા હોવાનું પ્રાથમિક અનુમાન છે. તંત્ર દ્વારા શહેરના શ્રમિકો પરિવારો જે જે સેક્ટરોમાં મોટી સંખ્યામાં રહી રહ્યા છે ત્યાં તાત્કાલિક સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

આજે બપોર બાદ નોંધાયેલા આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને ત્યાં તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરના સે. ૬ની ઝૂંપડપટ્ટી વિસ્તારમાંથી હજુ બે-ત્રણ દિવસ પૂર્વે જ ૧૨ જેટલા કેસ મળ્યા હતા. આ પછી કરાયેલા સર્વેલન્સ દરમ્યાન પણ બીજા આટલા જ કેસો બે દિવસમાં મળી આવ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ગાંધીનગર શહેરમાં ખાસ કરીને નવા સેક્ટરોમાં અપાતા પાણી પુરવઠાના જથ્થામાં સુપર ક્લોરીનેશન કરી આપવા માટે જિલ્લા તંત્ર દ્વારા પાટનગર યોજનાના સત્તાવાળાઓને લેખિતમાં જાણ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

આ ઉપરાંત આ સેક્ટરોમાં અપાતા પેયજળના પુરવઠાના નમુનાઓમાં ક્લોરીનેશનની માત્રા કેટલી છે તે અંગે પણ નમુના મેળવવા અને તેની ચકાસણી કરી તેની જાણ કરવા માટે પણ આરોગ્યતંત્રે સૂચવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરના નવવિસીત સેક્ટરોમાં જે રીતે પાણીજન્ય રોગચાળો માથુ ઉંચકી રહ્યોછે તેની સામે મહાનગરપાલિકાનું સેનીટેશન તંત્ર જે ઘોર નિંદ્રામાં છે તેને લઈ વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે. સેનેટરી ઈન્સ્પેક્ટરો દ્વારા જે તપાસ અને અન્ય કામગીરી થવી જોઈએ તે નહિ થતી હોવાની તેમજ સરકારી ગાડીઓમાં અને કચેરીઓમાં અધિકારીઓની આસપાસ આ કર્મચારીઓ ફરતા હોવાની તીવ્ર લાગણી વસાહતીઓએ વ્યક્ત કરી આ મુદ્દે આંદોલન કરવાની વાતો પણ કહી રહ્યા છે.

ગાંધીનગર મનપા દ્વારા આ સેક્ટરોમાં પરિસ્થિતિ જે રીતે વણસી રહી છે તેને લઈ મનપાના સત્તાધીશો સામે પણ રોષ ઉભો થઈ રહ્યો છે. સે. ૬ અને સે. ૧૪માં ઉભી થયેલી પરિસ્થિતિ અંગે મનપાનું તંત્ર ઉંઘતુ હોવાની છાપ ઉભી થઈ રહી છે.

# શહેરની ચાર શાળાના ધાબા પરથી મોટા પ્રમાણમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

## ચારેય શાળાઓને ધાબાની સફાઈ રાખવા અને જરૂરી પગલાંઓ તાત્કાલિક લેવા તંત્રે કરેલી તાકીદ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરની ચાર શાળાઓના ધાબા પરથી મચ્છરોના બ્રિડીંગ મોટા પ્રમાણમાં મળી આવતાં કોર્પોરેશનના સત્તાવાળાઓ ચોંકી ઉઠયા છે.

શહેરમાં મેલેરિયા વિરોધી ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે અને જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તેને લઈ તંત્ર અંચબિત બની ગયું છે. મ્યુનિ. કમિશ્નર શ્રી ખરસાણે જાતે આ બાબતે શિક્ષણ વિભાગના અધિકારીઓને પત્ર લખી પગલાં લેવા માટે જણાવ્યું હોવા છતાં આ બ્રિડીંગ મળી આવતાં શાળાના જવાબદારોને તંત્ર દ્વારા ચેતવણી સહ માર્ગદર્શન પત્રો આપી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરની જે ચાર શાળાઓમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે તેમાં બે સરકારી શાળાઓ અને બે ખાનગી શાળાઓનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા આજે અર્ધો ડઝનથી પણ વધુ શાળાઓ અને પ્રા. શાળાના ધાબાઓની તેમજ ત્રણથી ચાર કન્સ્ટ્રક્શન સાઈટોનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે જો જવાબદારો દ્વારા આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો હવે મ્યુનિ. તંત્રે કડક કાર્યવાહી હાથ ધરવા માટેનું મન બનાવી લીધું છે અને આગામી દિવસોમાં કડક પગલાંઓ લેવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો પણ આપી દેવામાં આવ્યા છે.

બીજી તરફ આજે પણ ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાંથી મેલેરિયાના ૪ જેટલા પોઝીટીવ કેસો મળી આવ્યા છે.

આ વર્ષે ગાંધીનગર શહેરમાં ગત વર્ષની તુલનામાં મેલેરિયાના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે અને તંત્ર એ પણ મેલેરિયાના મચ્છરોને નાથવા માટે લોકજાગૃતિની ઝુંબેશને વધુ સઘન બનાવી છે.

● અનુસંધાન પાન-૭ પર




(તસવીર : દિપક જાની)

# ગુજરાતમાં સહકારી માળખા માટે એક નવું ઈલેક્શન કમિશન રચાશે

## રાજ્યના ચૂંટણી સુધારા અને કેન્દ્ર સરકારના આદેશ પ્રમાણે ૧૩મી ફેબ્રુઆરી-૨૦૧૩ પહેલાં કમિશન અસ્તિત્વમાં આવવું જરૂરી છે

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં એક નવા ચૂંટણી પંચનો ઉદય થશે. હાલ સ્થાનિક ઓપ આપવામાં આવી રહ્યો છે.

ગુજરાતમાં ગ્રામ પંચાયત થી લઈને જિલ્લા પંચાયત અને પાલિકા થી લઈને મહાનગરપાલિકાની ૬૦,૦૦૦ કરતાં વધારે સહકારી સંસ્થાઓ છે જેની ચૂંટણી માટે અલાયદા ચૂંટણી પંચની આવશ્યકતા છે. કારણ કે સહકારી કાયદામાં થઈ રહેલા સુધારાના કારણે આ જવાબદારી સોંપવાની આવશ્યકતા છે.







સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચ કાર્યરત છે તેમ રાજ્યની સહકારી સંસ્થાઓની ચૂંટણી કરાવવા માટે અલાયદા ચૂંટણી પંચની રચનાને આખરી ચૂંટણી માટે કામ કરતા ચૂંટણી પંચ પાસે વધારે કામગીરી આપી શકાય તેમ નથી તેથી સહકાર વિભાગે એક ભલામણ તૈયાર કરી હતી અને સરકારને જણાવ્યું હતું કે રાજ્યમાં

બીજી તરફ ભારત સરકારે પણ દેશના તમામ રાજ્યોને જણાવી દીધું છે કે રાજ્યસ્તરની સહકારી સંસ્થાઓની ચૂંટણી કરવા અલગ ચૂંટણી પંચની રચના કરો. કેન્દ્રના નવા કાયદામાં આ જોગવાઈ કરી દેવામાં આવી છે અને સ્પષ્ટ જણાવ્યું છે કે ૧૩મી ફેબ્રુઆરી-૨૦૧૩ સુધીમાં રાજ્ય સરકાર સ્વાયત્ત અને સ્વતંત્ર ચૂંટણી પંચની રચના નહીં કરે તો આ જોગવાઈ આપોઆપ અમલમાં આવી જશે.

સહકાર વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે કેન્દ્રના આદેશ અને વિભાગની ભલામણ પ્રમાણે ગુજરાતમાં સહકારી સંસ્થાઓ માટે અલગ ચૂંટણી પંચની રચના કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે, જેથી રાજ્ય ચૂંટણી પંચ ઉપર ભારણ આવી શકે નહીં. ગુજરાતના ચૂંટણી સુધારામાં આ મુદ્દાનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો.

### ૬૫,૦૦૦ સહકારી સંસ્થાઓ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં એક રાજ્ય સહકારી બેન્ક, એક રાજ્ય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક, એક ઔદ્યોગિક સહકારી બેન્ક, ૨૧ જિલ્લા સહકારી સંઘો, ૧૮ જિલ્લા સહકારી બેન્કો, ૮૩૪૪ પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ મંડળીઓ, ૫૧૭૪ પ્રાથમિક બિન ખેતી વિષયક ધિરાણ મંડળીઓ, ૨૬૬ નાગરિક સહકારી બેન્કો, ૧૭૭૫ માર્કેટીંગ સહકારી મંડલીઓ, ૫૭૩ પ્રોસેસીંગ મંડળીઓ, ૧૩૧૧૪ દૂધ-પશુપાલન મંડળીઓ, ૭૬૯ ફાર્મિંગ મંડળીઓ, ૫૭૦ મત્સ્યોદ્યોગ મંડળીઓ, ૧૯૭૬ ગ્રાહક સહકારી મંડળીઓ, ૧૭૫૩૧ હાઉસિંગ મંડળીઓ, ૨૩૨૪ મજૂર કામદાર સહકારી મંડળીઓ, ૩૬૧ જનરલ કામદાર સંઘો, ૩૭૩૭ ખેતી સહકારી મંડળીઓ, ૧૩૫ વાહન વ્યવહાર મંડળીઓ, ૨૬૩૨ અન્ય બિન ધિરાણ મંડળીઓ, ૧૭ ખાંડ ઉત્પાદક મંડળીઓ અને ૪૪૮૦ પ્રાથમિક ઔદ્યોગિક સંઘો મળીને કુલ ૬૪૮૩૬ સહકારી મંડળીઓ કાર્યરત છે.

# ધણપ પાસે ટેમ્પો પલ્ટી ખાતા બે ના મોત : ૬ ને ઈજા

## ટેમ્પામાં શાકભાજી ભરી જમાલપુર વેચવા જતા હતા, અચાનક ટાયર ફાટતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૧૧

ધણપ પાસે આજે બપોરે શાકભાજી ભરેલા ટેમ્પાનું ટાયર ફાટતા ટેમ્પાએ પલ્ટી ખાધી હતી. આ અકસ્માતમાં બે વ્યકિતઓના કરૂણ મોત નિપજયા છે. જયારે અન્ય ૬ વ્યકિતઓને ઈજાઓ થવા પામી છે.



પ્રાપ્ય માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામના ખેડુતો આજે ટેમ્પો નંબર જીજે-૯-ઝેડ ૪૮૯૧માં પાછળના ભાગે શાકભાજીનો માલ ભરીને અમદાવાદના જમાલપુર વિસ્તારમાં વેચાણ કરવા જતા હતા. આ દરમિયાન બપોરે ૧૨ વાગ્યાના અરસામાં ધણપ ગામ પાસે પહોંચતા માર્ગ પર પૂરપાટ દોડતા ટેમ્પોનું ટાયર ફાટતા ટેમ્પો ઉંધો વળી ગયો હતો. સર્જાયેલા આ અકસ્માતમાં પાછળ બેઠેલા વસંતભાઈ રામાભાઈ પટેલ (ઉ.વ. ૪૦ રહે. અનવરપુરા) તેમજ પરબતસિંહ ફતાજી ઠાકોરે (ઉ.વ. ૫૮ રહે. અનવરપુરા)ને ગંભીર ઈજાઓ થતા તેમનું કરૂણ મોત નિપજયું હતું. જયારે ટેમ્પામાં સવાર અન્ય ૬ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તોને ત્વરિત સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ચિલોડા પોલીસ સ્ટેશનના એ.એમ.આઈ. દિલાવરખાન પઠાણે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




ટચુકડી
જાહેર ખબર
દર
ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

